***GJVD030010322013***

सत्यमेव जयते

દાખલ તારીખ :– ૧૬/૦૭/૨૦૧૩.

રજીસ્ટર કર્યા તારીખ :– ૧૬/૦૭/૨૦૧૩.

ફેંસલ તારીખ :– ૨૦/૦૬/૨૦૨૬

સમયગાળા :–

---

:: મહે. કરજણના અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં :

---

ગુ. મુ. નં. : ૯૨૫/૨૦૧૩.

આંક :–

---

ફરીયાદી :– શ્રી સ ર કા ર.

<u>વિરૂધ્ધ.</u>

આરોપી :– કુન્દન મહેશપ્રસાદ ગુપ્તા, ઉ.વ. ૨૫.
મુળ રહે.ગોવિંદપુર,તા.મહેશપુર, જિ.ખીચડીયા,
બિહાર. હાલ રહે. નડીયાદ,એસ.ટી.નગર પાસે,
તા. નડીયાદ, જિ. ખેડા.

---

**ગુનો :– ભારતીય દંડ સંહિતાની કલમ : ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબ.**

---

**ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.જે. જી. મલેક.**

---

**// ઠ રા વ //**

**૧).** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ ફરીયાદમાં જણાવેલ સ્થળે,સમયે અને તારીખના રોજ મોજે : પીગલવાડા ગામે ફરીયાદી બેનના ઘરે જઈ સેલ્સમેન છે તેમ કહી ફરીયાદી બેન ની તાંબાની ડીશ લીકવીડ વડે ધોઈ ચળકાટ મારતી કરી આપી વિશ્વાસમાં લઈ આરોપીઓએ ફરીયાદી બેને ગળામાં પહેરેલ સોનાનો મેથીભાતનો અછોડો દોઢ તોલાનો રૂ.૩૫,૦૦૦/–ના કઢાવી ધોવા માટે એક કટોરામાં લીકવીડ નાંખી તેમાં અછોડો નાંખી સાહેદ નં.૬ ને હળદર લઈ આવવા કહેતા જે હળદર લેવા જતાં બંને આરોપીઓએ અછોડો સાથેનો કટોરો લઈ નાસવા લાગતા ફરીયાદી તથા સાહેદ બુમાબુમ કરી સાહેદ દોડીને કોલમ નં.૧ માં જણાવેલ આરોપીને પકડી પાડી કોલમ નં.૨ માં જણાવેલ આરોપી સોનાનો અછોડો લઈ નાસીજઈ એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદ,આ કામના ફરીયાદીએ કરજણ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ગુનાની તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરેલ અને પુરતા પુરાવા મળી આવતાં આરોપી વિરૂઘ્ધ ગુનાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**૨).** આ કામે આરોપીઓ વિરૂઘ્ધ ગુન્હો નોંધાતા ગુન્હાની તપાસ કરનાર અમલદારે સદરહું ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતી સંહિતા :–૧૯૭૩(સંહિતા) ની કલમ : ૧૬૧ અન્વયે ગુન્હાથી વાકેફ સાહેદો ના નિવેદનો નોંધી,જરૂરી પંચનામાઓ કરી,આરોપી વિરૂઘ્ધ ગુન્હો બનતો હોય

સંહિતાની કલમ :–૧૭૩(૨) મુજબનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતુ.

૩). આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા,સંહિતાની કલમ : ૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના આક્ષેપિત ગુન્હાનુ કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ : ૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવતા હાલના આરોપી લાંબા સમયથી પ્રોસેસની બજવણી થતી ન હોય અને તેઓ મળી આવતાં ન હોય તેમજ નજીકના ભવિષ્યમાં મળી આવવાની કોઈ જ સંભાવના જણાતી ન હોય અદાલતે તા. ૦૧/૦૭/૨૦૨૫ ના રોજ આંક : ૦૧ નીચે સી.આર.પી.સી.ની કલમ : ૨૯૯ મુજબ હુકમ કરી આ કામે વધુ વિલંબ થાય તો પુરાવાનો નાશ થાય અને ભવિષ્ય માં સાહેદો પણ મળી આવી શકે નહી તેવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં સદર ફરીયાદપક્ષનો પુરાવો આ કામે નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

૪). આ કામે ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

:: મૌખિક પુરાવો ::

| | | |
|---|---|---|
| ૧. | આંક : ૦૪ થી, | સાહેદ પૂર્વીકાબેન રઘુવીરની જુબાની. |
| ૨. | આંક : ૦૬ થી, | પંચ ગણપતસિંહ ભગવાનસિંહ જુબાની. |
| ૩. | આંક : ૦૮ થી, | પંચ ભીખાભાઈ સોમાભાઈની જુબાની. |
| ૪. | આંક : ૧૦ થી, | પંચ સોમસિંહ ભગવાનભાઈની જુબાની |
| ૫. | આંક : ૧૧ થી, | પંચ અશ્વિનસિંહ નરેન્દ્રસિંહની જુબાની. |

:: દસ્તાવેજી પુરાવો ::

| | | |
|---|---|---|
| ૧. | આંક : ૦૫ થી, | ફરીયાદીની ફરીયાદ. |
| ૨. | આંક : ૦૭ થી, | પંચનામુ. |
| ૩. | આંક : ૦૯ થી, | પંચનામુ. |

૪. આંક : ૧૨ થી, ચીજવસ્તુ કબજે કર્યાનુ પંચનામુ.

**૫).** ફરીયાદપક્ષ તરફથી ઉપરોકત પુરાવા સિવાય અન્ય પુરાવા રજુ થયેલ નથી અને ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાય ન આવતાં તેઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી અને ત્યારબાદ બંને પક્ષો ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**૬).** ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાને ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>// મુદ્દાઓ //</u>**

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે આ કામ ના ફરીયાદમાં જણાવેલ સ્થળે,સમયે અને તારીખના રોજ પીગલવાડા ગામે ફરીયાદી બેનના ઘરે જઈ સેલ્સમેન છે તેમ કહી ફરીયાદી બેનની તાંબાની ડીશ લીકવીડ વડે ધોઈ ચળકાટ મારતી કરી આપી વિશ્વાસમાં લઈ આરોપી ઓએ ફરીયાદી બેને ગળામાં પહેરેલ સોનાનો મેથીભાતનો અછોડો દોઢ તોલા નો રૂ.૩૫,૦૦૦/–ના કઢાવી ધોવા માટે એક કટોરામાં લીકવીડ નાંખી તેમાં અછોડો નાંખી સાહેદ નં.૬ ને હળદર લઈ આવવા કહેતા જે હળદર લેવા જતાં બંને આરોપીઓએ અછોડો સાથેનો કટોરો લઈ નાસવા લાગતા ફરીયાદી તથા સાહેદ બુમાબુમ કરી સાહેદ દોડીને કોલમ નં.૧ માં જણાવેલ આરોપીને પકડી પાડી આરોપી સોનાનો અછોડો લઈ નાસીજઈ એકબીજાને મદદગારી કરી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ :૪૦૬,૪૨૦,૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૭).** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

૮). ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**//ન્યાય નિર્ણય માટેના કારણો //**

**:: મુદ્દા નં. :–૧ ::**

૯). આ કામે ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરૂધ્ધના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ઘરવામાં આવેલ છે અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો વાજબી,શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓનુ ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાંકન કરી કેસના ન્યાય નિર્ણય ઉપર પહોંચવાનુ રહે છે.

૧૦). ફરીયાદપક્ષે પુરાવાઓનુ મુલ્યાંકન કરતી વેળાએ સૌ પ્રથમ આ કામે આંક : ૦૪ થી તપાસવામાં આવેલ સાહેદ પૂર્વીકાબેન રઘુવીર ભટૃ કે જે આ બનાવને નજરે જોનાર સાહેદ છે.તેઓ સોંગદ ઉપરના પુરાવામાં જણાવે છે કે બનાવના દિવસે તેણી,તેણીની માસી તથા માસા પિંગલવાડા મુકામે રહેતા હોય તેઓને ત્યાં ગયેલ અને બનાવ સમયે તેણી તથા તેણીના માસી માસા ઘરે હતા ત્યારે બે માણસો બગલા થેલા લઈને આવેલા અને તેઓને કહેલ કે અમે સેલ્સમેન છીએ અને ડેટોલ લીકવીડની બોટલો બતાવીને કહેલ કે આના થી વાસણો ચકચકાટ કરી શકાય તેમ કહી તેણીની માસી પાસે કોઈ વસ્તુ ધોવા માંગતા તેમના માસીએ તાંબાની ડીસ તથા લક્ષ્મીજીની મુર્તિ ધોવા આપતા તેઓએ એક વાટકીમાં લીકવીડ કાઢી ડીસ તથા મૂર્તિ ધોવા ચળકાટ મારવા લાગેલ તેથી તેમની માસીએ તેઓ ઉપર વિશ્વાસ બેસેલ અને આ બંને જણાએ તેણીની માસીએ ગળામાં પહેરેલ સોનાના અછોડો કાળો પડી ગયેલ છે તે લાવો ધોઈ આપીએ તેમ કહી બીજી વાટકીમાં કેમીકલ નાંખી બોડી દિધેલ બાદમાં તેઓના માસાને કહેલ કે એક ડીસમાં હળદર લાવો જેથી તેઓના માસા

હળદર લેવા માટે ગયેલા અને આ બંને જણાએ અછોડો બોડી રાખેલ તે વાટકી લઈને નાસવા જતાં તેમન માસીએ બુમ પાડતા માસા દોડી આવેલા અને બુમો પાડતા તેઓને પકડવા ગયેલા અને ગામ લોકો પણ પકડવા દોડેલા તેમાં એક માણસ પકડાઈ ગયેલ અને તેને પોતાનુ નામ કુંદન મહેશપ્રસાદ ગુપ્તા, બિહાર નો હોવાનુ જણાવેલ અને વાટકી સાથે સોનાનુ દ્યુઢ તોલાનો અછોડો કિંમત રૂ.૩૫,૦૦૦/–ના લઈ નાસી ગયેલ તે ઈસમનુ નામ પુછતા રૂદલ પ્રસાદસિંગ પ્રસાદ કંસારા હોવાનુ જણાવેલ બાદમાં પોલીસને ફોન કરતા પોલીસ આવેલ અને પકડાયેલ ઈસમને લઈ ગયેલી.બનાવ બાબતે તેણીના માસીએ ફરીયાદ આપેલી અને પોલીસે તેણીનો જવાબ લીધેલ જે અસલ ફરીયાદ આ કામે આંક :–૦૫ થી રજુ છે.તેણીના માસી ૨૦૨૧ માં અવસાન પામેલા છે અને તેમના માસા લક્ષ્મી શંકર સને.૨૦૨૪ માં અવસાન પામેલા છે બનાવને ઘણો સમય થયેલ હોય આરોપીને ઓળખી શકે નહી તે મુજબના આપેલ પુરાવાને આરોપી પક્ષ તરફથી ઉલટતપાસ ધ્વારા પડકારવામાં આવેલ નથી કારણ કે આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.ની કલમ : ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય તેઓની કોઈ જ ઉલટતપાસ થઈ શકેલ નથી.

**૧૧).** **હ**વે આ કામે આંક : ૦૬ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ગણપતસિંહ ભગવાનસિંહ,આંક : ૦૮ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ભીખાભાઈ સોમાભાઈ,આંક : ૧૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ સોમ સિંહ ભગવનાસિંહ તથા આંક : ૧૨ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ અશ્વિનસિંહ નરેન્દ્રસિંહનાઓને તપાસવામાં આવેલ છે.આ તમામ પંચ સાહેદો તેમના પુરાવામાં અનુક્રમે આંક : ૦૭ થી રજુ થયેલ આરોપીની શરીર સ્થિતિ નુ પંચનામુ,આંક : ૦૯ થી આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ તથા આંક :– ૧૨ થી ચીજ વસ્ત કબજે કર્યાનુ પંચનામુ રજુ થયેલ છે તે તમામ પંચનામાની હકીકતને લેશમાત્ર કોઈ જ સમર્થન થાય તેવો કોઈ પુરાવો આપેલ ન હોય વિ.

એ.પી.પી.શ્રી.એ તેઓને ફરી ગયેલા પંચ સાહેદો તરીકે જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરવાની માંગેલ પરવાનગી અન્વયે પણ પંચનામાઓની હકીકત ને કોઈજ સમર્થન થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.આ તમામ પંચ સાહેદોને બચાવપક્ષ તરફે કોઈ જ ઉલટતપાસ કરવામાં આવેલ નથી કારણ કે આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.ની કલમ : ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય તેઓની કોઈ જ ઉલટતપાસ થઈ શકેલ નથી.

**૧૨).** પ્રસ્તુત કેસમાં આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ :- ૪૦૬,૪૨૦ તથા ૧૧૪ મુજબનુ ગુનાનુ તહોમત રહેલ છે.ભારતીય પુરાવા અધિનિયમની કલમ : ૧૦૧ થી ૧૦૩ અન્વયે આરોપીવિરૂધ્ધનો આરોપ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો પ્રોસી.પક્ષે રહેલ છે.તે સંદર્ભે આ કામે સોંગદ પર તપાસવામાં આવેલા સાહેદ તથા પંચ સાહેદો તથા ચુકાદાઓ તથા હાલના કેસની સ્થિતી તથા કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લેતા આમ,ઉકત હકીકતે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવામાં આવે તો પણ કોઈ હેતુસરે તેમ નથી

**૧૩).** **વ**ધુમાં આ કામે સાહેદોને જા.લાયક વોરંટ વગર બજેલ પરત આવેલ છે જે રજુ છે.જેથી તેમનો હકક બંધ કરવામાં આવેલ છે અને આ કામે ફરીયાદપક્ષે તપાસ એજન્સીને વ્યાજબી અને પુરતો કરતા પણ વધુ સમય આપવામાં આવેલો છે.આમ છતાં ફરીયાદ પક્ષ તથા તપાસ એજન્સી પોતાના સાહેદોને શોધી શકેલ નથી કે હાજર કરી શકેલ નથી. કોર્ટ દવારા જે તે પ્રોસેસો કાઢી તેમને પોતાના સાહેદો રજુ કરવા માટે મદદ કરવામાં આવેલ છે,આમ છતા ફરીયાદપક્ષ પોતાની મદદ કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૧૪).** આમ, આ કામે પુરતા પ્રત્યન કરવા છતાં ફરીયાદપક્ષ ફરીયાદી મરણ ગયેલા છે અને તેઓના પતિ ભોગીલાલ કે જે સાહેદ છે તેઓ પણ મરણ ગયેલ છે અને અન્ય સ્વતંત્ર કે નિષ્પક્ષ સાહેદોનો પુરાવો રજુ કરાવી શકેલ

નથી.જેથી આ કામે જે સાહેદ અને પંચ સાહેદોના પુરાવા રજુ થયેલ છે તે જોતા ફરીયાદપક્ષના કેસની હકીકતને તથા ફરીયાદને સમર્થન થાય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૫).** હવે આ કામે જોવામાં આવે તો, હાલનો ફોજદારી કેસ એ સરકાર પક્ષનો ફરીયાદપક્ષનો કેસ છે અને માત્ર ન્યાયીક નિકાલ માટે અદાલત સમક્ષ રજુ કરવામાં આવતા હોય છે.ફરીયાદપક્ષના સાહેદોને હાજર રાખવાની જવાબ દારી ત.ક.અમલદારની છે તેમજ ફરીયાદપક્ષ તેમના સાહેદોને રજુ કરવા માટે બંધાયેલો છે,ફરજબધ્ધછે.આમ,છતાં ફરીયાદપક્ષે આવી કોઈ દરકાર રાખેલ નથી અને ચૌદ વર્ષથી ફરીયાદપક્ષ પોતાના કેસમાં નિરૂત્સાહ રહેલો છે અને કોર્ટ ધ્વારા તેમના કેસના નિકાલ માટે સાહેદોને હાજર કરવા માટે સમન્સ અને વોરંટો કાઢી આપવામાં આવેલ અને આ પ્રોસેસો માત્ર અને માત્ર ફરીયાદપક્ષ ને પોતાના સાહેદોને હાજર કરવામાં મદદ કરવાના હેતુસર કાઢવામાં આવતા હોય છે.આમ છતા રેકર્ડ જોતા સાહેદોને પ્રોસેસો કરવા છતા કોર્ટ દવારા બને એટલી મદદ કરી આપવા છતાં ફરીયાદપક્ષ પોતાના સાહેદોને હાજર કરી શકેલ નથી.

**૧૬).** ન્યાયાલયો એ ટપાલખાતું હોય એ મુજબ ફરીયદપક્ષ પોતાના કેસો અદાલતમાં એક ટપાલ સમજીને નાંખીને જતા રહેતા હોય છે.બાદમાં તેની કોઈ જ કાળજી રાખવામાં આવતી નથી.જે બાબત અત્યંત ગેરવ્યાજબી અને અયોગ્ય છે.ફરીયાદપક્ષની બેદરકારી,નિષ્કાળજી,કસુરના અભાવે હાલનો કેસ નિષ્ફળ ગયેલ છે.

**૧૭).** સદરહુ કેસ **૧૪** વર્ષ ઉપરાંત જૂનો છે અને આ કામે મુળ ફરીયાદીને સમન્સ કરવામાં આવેલ પરંતુ તેઓ મરણ ગયેલાની હકીકત રેકર્ડ પર આવેલ અને તેઓના પતિ કે જે સાહેદ હતા તે ભોગીલાલ પણ મરણ ગયેલ હોય તેઓને આ કામે તપાસી શકાયેલ નથી અને અન્ય સાહેદોને સમન્સ કરવા

છતાં તેઓ હાજર રહેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો સદરહું ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય તેવું આ અદાલતનું માનવું છે.

જેથી ઉપરોકત તમામ કારણો ચર્ચા જોતાં ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર પોતાનો કેસ સાબિત કરી શકેલ નથી અને જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવાના તારણ ઉપર આ અદાલત આવેલ છે અને મુદ્દા નં ૨ અન્વયેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>// હુકમ //</u>**

**૧.** આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ : ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ મોબાઈલનો ઈન્કવાયરી કરી નિકાલ કરવો તે સિવાયના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

**૩.** આ કામના આરોપી સામે સી.આર.પી.સી.કલમ : ૨૯૯ મુજબ કાર્યવાહી ચલાવાનો હુકમ થયેલ હોય આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૪૩૭–એ મુજબના અપીલ સમય સુધી જામીન રજુ કરવામાંથી મુકિત આપવામાં આવે છે.

**ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૦ મી,માહે : જુન, સને. :–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળાવી જાહેર કર્યો.**

| | |
|---|---|
| **તારીખ : ૨૦/૦૬/૨૦૨૬.**<br>**સ્થળ : કરજણ** | **(પ્રદીપકુમાર વસંતલાલ ધીમર)**<br>**અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**કરજણ.**<br>**CODE NO. GJ** 01488. |

(વિપુલ શાહ).